**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આશુતોષ અંતાણી**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 10-10-2023** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## પ્રધાનમંત્રી : એથ્લેટ મિલન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયન ગેમ્સમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓની ટુકડી સાથે આજે નવી દિલ્હીમાં વાતચીત કરશે અને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી એશિયન ગેમ્‌સમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે ખેલાડીઓની પ્રશંસા કરશે અને તેમને ભવિષ્યની સ્પર્ધાઓ માટે પ્રોત્સાહન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે એશિયન ગેમ્સમાં 28 સુવર્ણ પદક સહિત કુલ 107 પદક મેળવ્યા છે. જીતેલા પદકની કુલ સંખ્યાના સંદર્ભમાં આ એશિયન ગેમ્સમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ કાર્યક્રમમાં એશિનય ગેમ્સ માટે ભારતીય ટુકડીના ખેલાડીઓ, તેમના કોચ, ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ અને રાષ્ટ્રીય મહાસંઘના પ્રતિનિધિઓ હાજરી આપશે.

**આશુતોષ અંતાણી**

---

## પ્રધાનમંત્રી : વાયબ્રન્ટ ગુજરાત : મુંબઇ રોડ શો

વાયબ્રન્ટ ગુજરાત રોકાણ પરિષદ પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મુંબઇમાં આવતીકાલ બુધવાર તારીખ 11 ઓક્ટોબરે રોડ શો યોજાશે.

**આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------

## કેન્દ્રીયમંત્રી : આયુષ મિશન સમીક્ષા

સમગ્ર દેશમાં આવેલી એઇમ્સ સંસ્થાઓમાં આયુષ અંગેનો સમર્પિત શિક્ષણ વિભાગ રહેશે. કેન્દ્રિય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલે ગઇકાલે મુંબઇમાં રાષ્ટ્રીય આયુષ મિશનની સમીક્ષા બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.
તેમણે કહ્યું કે, સરકાર તમામ સ્તરે આધુનિક અને પરંપરાગત આરોગ્ય સેવા પધ્ધતિ વડે રોગ નિદાન અને સારવાર લોકોને ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરી રહી છે. કોવિડના કપરા સમયમાં અપાયેલા નોંધપાત્ર યોગદાનના કારણે આયુષ ઉપચાર પધ્ધતિનું મહત્વ વિશ્વ સમુદાયે સ્વીકાર્યું છે. શ્રી સોનોવાલે જણાવ્યું કે, આયુષના મહત્વને ઓળખીને ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાયેલા બે દિવસીય પારંપારિક ઔષધ અંગેની બેઠકનું આયોજન આયુષ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ સાથે મળીને કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, પારંપારિક ઉપચાર પધ્ધતિ ક્ષેત્રે દેશભરમાં નવસો સ્ટાર્ટઅપ અને એક યુનિકોર્ન કાર્યરત છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------

## ભારતીય રિઝર્વ બેન્ક

ભારતીય રિઝર્વ બેન્કે શહેરી સહકારી બેન્કો દ્વારા બુલેટ રી- પેમેન્ટ સ્કીમ હેઠળ ગોલ્ડ લોન માટેની નાણાંકીય ટોચ મર્યાદા બે લાખ રૂપિયાથી વધારીને ચાર રૂપિયા કરી છે. શહેરી સહકાર મંત્રાલયની યાદીમાં જણાવાયું છે કે, સરકારનું આ પગલું શહેરી સહકારી બેન્કોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં અને અગ્રતાના ક્ષેત્રોમાં ધિરાણના લક્ષ્યાંકો પૂરા

કરવામાં મદદરૂપ થશે. વધુમાં જણાવાયું કે, કેન્દ્ર સરકાર સહકારી બેન્કોને મજબૂત કરવા પ્રતિબધ્ધ છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------

## રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ પ્લાઝા ખાતે સલામતી વ્યવસ્થા મજબૂત બનાવવા અને સંઘર્ષના બનાવોને નિયંત્રણમાં લેવા પગલાં લીધા છે. સત્તામંડળે મુસાફરો અને ટોલ ઓપરેટરોના હિતોને જાળવવા માન્ય કામગીરી પધ્ધતિ જાહેર કરી છે, જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ પ્લાઝામાં કામ કરતાં કર્મચારીઓએ ચોક્કસ ગણવેશ અને પોતાનું નામ દર્શાવતો બેજ પહેરવાનો રહેશે. સંઘર્ષના કોઇપણ બનાવમાં ટોલ પ્લાઝાનો મેનેજર અને લેન સુપરવાઇઝર સંઘર્ષ નિવારવાની કામગીરી કરશે. તેમની પાસે ઘટનાને રેકોર્ડ કરવા માટેના કેમેરાઓ રહેશે. સંઘર્ષ ગંભીર બને તો ટોલ પ્લાઝાના કર્મચારીઓ સ્થાનિક પોલીસની મદદ લઇ શકશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------

## આકાશવાણી ભુજ : સ્થાપના દિન

આકાશવાણી ભુજના સત્તાવાર પ્રારંભને આજે 58 વર્ષ પૂરા થયા છે. આજથી 58 વર્ષ પહેલાં તા.10 મી ઓક્ટોબર, 1965ની શરદપૂનમની ઢળતી સાંજે તે સમયના માહિતી અને પ્રસારણમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીના ધ્વનિમુદ્રિત સંદેશ સાથે કેન્દ્રનો પ્રારંભ થયો હતો, તે સમયે કેન્દ્રના પ્રાંગણમાં આમંત્રિતોને ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

**ચંદ્રવદન પટ્ટણી**

-----------------------------------------------------------------

## કચ્છ હવામાન

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વિષમ વાતાવરણનો અનુભવ થઇ રહ્યો છે તો માકપટ વિસ્તારમાં વરસાદ જેવી ઝાળકવર્ષાથી ભીનો માહોલ સર્જાયો છે. જિલ્લા મથક ભુજ સહિતના વિસ્તારોમાં વહેલી સવારના ભાગે ઝાકળ સાથે મિશ્ર હવામાન અનુભવાઇ રહ્યું છે. આ ઝાકળવર્ષાથી એરંડા, શાકભાજી સહીતના પાકોને ફાયદો થશે તેવું કૃષિક્ષેત્રના અનુભવીઓએ જણાવ્યું છે. જિલ્લામાં મહત્તમ 34 ડિગ્રીએ અને લઘુત્તમ 23 ડિગ્રી આસપાસ તાપમાન રહ્યું હતું.

**આશુતોષ અંતાણી**

-----------------------------------------------------------------

## ક્રિકેટ- ICC ક્રિકેટ સ્પર્ધા

આઇસીસી વિશ્વ કપ આંતરરાષ્ટ્રીય એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઇકાલે હૈદરાબાદ ખાતે રમાયેલી મેચમાં ન્યુઝિલેન્ડનનો નેરધરલેન્ડ સામે 99 રને વિજય થયો હતો. ન્યુઝિલેન્ડનની આ સ્પર્ધામાં બીજી જીત છે. જ્યારે આજે ઇંગ્લેન્ડ-બાંગલાદેશ અને પાકિસ્તાન-શ્રીલંકા વચ્ચે મેચ રમાશે.

**આશુતોષ અંતાણી**

-----------------------------------------------------------------